<u>મુદામાલ પરત મેળવવાની અરજી તળે હુકમ :-</u>

(૧) અરજદાર મીલ અભિષેક બનવારીલાલ એ ભુજ શહેર એ ડીવી.પો.સ્ટે. સ્ટેશન ડાયરી એન્ટ્રી નં. ૧૩૪/૨૦૨૬, બી.એન.એસ.એસ.કલમ ૩૫(૧)(ઈ) મુજબ કબજે લેવામાં આવેલ મુદામાલ આસુસ વીવોબુક ૧૪ લેપટોપ ની વચગાળાની કસ્ટડી મેળવવા ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ ૪૯૭ મુજબ હાલની અરજી કરી જણાવેલ છે કે આ ગુના કામે કબજે થયેલ મુ-દામાલ તેઓની માલિકીનો છે, જે તેઓની દુકાનમાંથી ચોરી થયેલ છે. મુદા-માલ લાંબો સમય પોલિસ સ્ટેશનમાં બિનવપરાશે પડી રહે તો તેને નુકસાન થાય તેમ હોઈ, મુદામાલ તેઓને પરત સોંપવાનો હુકમ કરવામાં આવશે તો નામ. કોર્ટ ધ્વારા ફરમાવવામાં આવેલ તમામ શરતોનું પાલન કરવા અને જા-મીન આપવા તૈયાર હોઈ મુદામાલ પરત સોંપવા અરજ કરેલ છે.

(૨) તેઓએ તેમની અરજીના સમર્થનમાં મુદામાલ લેપટોપ ખરીદ્યાના બીલની નકલો, અરજદારના આધાર કાર્ડની નકલ રજુ કરેલ છે.

(૩) આ કામે જરૂરી પક્ષકારોને નોટીસ કાઢેલ અને તેના અનુસંધાને ત.ક. અ.શ્રી એ પોતાનો અભિપ્રાય મુદામાલ પાવતી અને પંચનામાની નકલ સાથે રજુ કરેલ છે, જેમાં તેઓએ ઉપરોકત મુદામાલ અરજદારને પરત સોંપવાનો હકારાત્મક અભિપ્રાય આપેલ છે. અરજી તળે વિ.એ.પી.પી.શ્રી નો શેરો વંચાણે લીધો.

(૪) ઉપરોકત સમગ્ર હકીકતોને લક્ષમાં લેતાં તેમજ બંને પક્ષકારો તરફે રજુ થયેલ રજુઆતો, અરજદારે અરજી સાથે રજુ કરેલ દસ્તાવેજી આધારો વંચાણે લેતાં એ હકીકત સ્પષ્ટ થાય છે કે મુદામાલ લેપટોપ તેઓની માલિકીનું છે. જે-થી અરજદાર તેઓની માલીકીનો મુદમાાલ પરત મેળવવા હકકદાર હોવાનું પ્રથમ નજરે જણાઈ આવે છે. તેઓની રજુઆત મુજબ મુદામાલ લાંબો સમય પોલિસ સ્ટેશનમાં બિનવપરાશે પડી રહે તો તેના સ્પેર પાર્ટસ, મશીનરીને નુકસાન તેવી સંભાવના હોવાની રજુઆત યોગ્ય જણાય છે. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતના <u>સુંદરલાલ અંબાલાલ દેસાઈ વિ.સ્ટેટ ઓફ ગુજરાત નો ચુકાદો જે એ.આઈ.આર. ૨૦૦૩ એસ.સી. ૬૩૮</u> પર પ્રસિધ્ધ થયેલ છે, તેમાં

નામદાર સર્વોચ્ચ અદાલતે એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે મુદામાલને લાંબો સમય પોલિસ સ્ટેશનમાં પડતર ન રાખતાં યોગ્ય શરતોને આધીન તેના માલીક ને સોંપવો જોઇએ. મુદામાલ એ મશીનરી હોઈ, વાતાવરણને કારણે લાંબો સમય પો.સ્ટે.માં પડો રહે તો તેને નુકસાન થવાની પણ શકયતા રહેલી છે અને કેસ ચાલીને નિકાલ સમયે મુદામાલ પરત સોંપવાના હુકમ કરતાં સદરહુ મુદામાલની જાળવણી અને ખર્ચ સંબંધેના પ્રશ્નો પણ ઉપસ્થીત થવાની શકયતા રહેલી છે. આ અરજીના કામે ત.ક.અ.શ્રી નો અભિપ્રાય ધ્યાને લેતાં તેઓએ મુદામાલ પરત સોંપવાનો હકારાત્મક અભિપ્રાય આપેલ છે તેમજ મુ-દામાલની તપાસના કામે કોઈ જરૂરીયાત હોવાનું જણાવેલ નથી. અરજદાર સિવાય અન્ય કોઇ વ્યકિત એ મુદામાલ સંબંધે કલેઇમ કરેલ નથી, તે સંજોગો માં રજુ થયેલ રેકર્ડ ધ્યાને લેતાં અરજદાર મુદામાલના માલીક હોવાનું જણાય છે. પોલિસ તપાસના કામે મુદામાલની જરૂરીયાત ન હોય, ત્યારે અરજદારનો મુદામાલ કેસ પુરો થતાં સુધી પોલિસ સ્ટેશને મુકી રાખવાનું ન્યાયોચીત જણાતું નથી તેમજ ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ ૪૯૭ ની જોગવાઇને ધ્યાને લેતાં હાલના અરજદારને મુદામાલ વચગાળાની કસ્ટડી તરીકે પરત સોંપવાનો શરતી હુકમ કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાઇ રહેશે, તેવા મંતવ્ય પર આવી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે :-

**-:: હુકમ ::-**

અરજદાર મીલ અભિષેક બનવારીલાલ એ ભુજ શહેર એ ડીવી.પો.સ્ટે. સ્ટેશન ડાયરી એન્ટ્રી નં. ૧૩૪/૨૦૨૬, બી.એન.એસ.એસ.કલમ ૩૫(૧)(ઈ) મુજબ કબજે લેવામાં આવેલ મુદામાલ આસુસ વીવોબુક ૧૪ લેપટોપ ની વચગાળાની કસ્ટડી મેળવવા કરેલ હાલની અરજી મંજુર કરવામાં આવે છે અને એવો હુકમ કરવામાં આવે છે કે, અરજદારે મુદામાલ પાવતીમાં જણાવેલ રકમની દોઢ ગણી રકમના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા પોલિસ સ્ટેશનના જવાબદાર અધિકૃત અધિકારી સમક્ષ રજુ કર્યેથી વચગાળાની કસ્ટ-ડીએ, કામચલાઉ ધોરણે, નીચેની શરતોને આધીન ઉપરોકત મુદામાલ વચ-ગાળાની કસ્ટડી તરીકે પરત સોંપવો.

**શરતો :–**

૧. આ કેસની ઇન્સાફી કાર્યવાહી પુર્ણ ન થાય ત્યાં સુધી તેઓએ મુદામાલ કોઇને પણ વેચાણ, ગીરો કે ટ્રાન્સફર કરવો કરાવવો નહીં.

૨. આ કામે હાલ ગુનો દાખલ થયેલ ન હોય, ગુનો દાખલ થયેથી અદાલત તથા ત.ક.અ. જયારે ફરમાવે ત્યારે અરજદારે મુદામાલ રજુ કરવો તેમજ સદર મુદામાલના ફોટા પાડી, તે પાછળ પોતાની સહી કરી બોન્ડ સાથે ત.ક.અ. ને આપવા.

૩. સંબંધીત પોલિસ સ્ટેશનના જવાબદાર અધિકારીશ્રી ને હુકમ કરવામાં આવે છે કે મુદામાલ અંગે માલીકી હકકની ખરાઇ કર્યા બાદ જ મુદામાલ પરત સોંપવો.

૪. ઉપરોકત કોઇ પણ શરતનો ભંગ થયેથી મુદામાલ આપોઆપ જપ્ત થવાને પાત્ર રહેશે.

હુકમ મુજબ સંબંધિત પોલિસ સ્ટેશનને યાદી કરવી.
હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૩/૩/૨૦૨૬
સ્થળ : ભુજ–કચ્છ

**( એમ. એમ. કુરેશી )**
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
ભુજ–કચ્છ.
GJ01472